# ક્લાયમેટ ચેન્જ: આફત સૌ પર આવે પણ સૌથી મોટો ભાર ગરીબના માથે પડે

આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

આ વરસે ચોમાસું જાણે બે અલગ-અલગ ચહેરા લઈને આવ્યું. ક્યાંક વરસાદ માટે લોકો આકાશ તરફ મીટ માંડીને બેઠા છે, તો ક્યાંક કલાકો સુધી વરસેલા વરસાદે શહેરોને ટાપુ બનાવી દીધાં. એક બાજુ ઉત્તર ગોળાર્ધમાં યુરોપ જેવા ઠંડા દેશો 40 ડિગ્રીથી વધુ તાપમાનનો અનુભવ કરી રહ્યા છે, તો બીજી તરફ ભારતમાં ક્યાંક દુષ્કાળની ચિંતા વચ્ચે અચાનક વાદળ ફાટે અને કલાકોમાં આખું ચોમાસું વરસે એટલો વરસાદ વરસી જાય. ઋતુઓનો સ્વભાવ બદલાઈ રહ્યો હોવાનું આપણને લાગે, પરંતુ ખરેખર તો આ ક્લાયમેટ ચેન્જની સ્પષ્ટ અસર છે. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલો મુજબ, 2024 વિશ્વના ઈતિહાસનું સૌથી ગરમ વર્ષ નોંધાયું. વૈજ્ઞાનિકોના અભ્યાસ અનુસાર, ઔદ્યોગિક ક્રાંતિ પહેલાંની સરખામણીએ પૃથ્વીનું સરેરાશ તાપમાન લગભગ 1.5 ડિગ્રી સેલ્સિયસ જેટલું વધ્યું છે. આ આંકડો સામાન્ય લાગે, પરંતુ તેની પાછળ છુપાયેલું પરિવર્તન અસામાન્ય છે. દુનિયાના લગભગ 80 ટકા લોકો આજે આ વધતા તાપમાનની સીધી અસર અનુભવી રહ્યા છે.

ગુજરાતમાં પણ આ વર્ષે ચોમાસાનું ચિત્ર વિરોધાભાસી રહ્યું. રાજ્યમાં સામાન્ય રીતે આખા વર્ષ દરમિયાન આશરે 36 ઈંચ વરસાદ પડે છે. પરંતુ ચોમાસાના પ્રથમ 54 દિવસમાં જ 17 ઈંચ, એટલે કે વાર્ષિક સરેરાશના લગભગ 46 ટકા વરસાદ નોંધાઈ ગયો. છતાં આ વરસાદ સમગ્ર રાજ્યમાં સમાન રીતે વરસ્યો નથી. દક્ષિણ ગુજરાતમાં ક્યાંક 100 ઈંચની નજીક વરસાદ છે, જ્યારે કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હજુ વરસાદની રાહ જોવાઈ રહી છે. આમ તો ચોમાસા પહેલાં હવામાન વિભાગ દ્વારા અલ નીનોની અસરને કારણે આ વર્ષે ચોમાસું નબળું રહેવાની આગાહી કરવામાં આવી હતી. પણ આપણે જોયું કે પાછલા કેટલાક દિવસોમાં જે રીતે વરસાદ વરસ્યો, એ રીતે આગાહી ખોટી પડી હોવાનું આપણને લાગે. તેની સામે હવામાન વૈજ્ઞાનિકો કહે છે કે આ અસમાન વરસાદ પાછળનું એક મોટું કારણ Pacific Decadal Oscillation (PDO) છે. અલ નીનો, સમુદ્રના વધતા તાપમાન અને ગરમ થતા અરબ સાગર જેવા પરિબળો મળીને વરસાદને વધુ અનિશ્ચિત બનાવી રહ્યા છે. પરિણામે વરસાદના દિવસો ઘટે છે, પરંતુ જ્યારે વરસે છે ત્યારે થોડા કલાકોમાં જ 200થી 400 મીમી જેટલો ભારે વરસાદ પડી જાય છે. એટલે કે પહેલાં જે વરસાદ આખા મહિના દરમિયાન પડતો હતો, તે હવે થોડા કલાકોમાં જ વરસી જાય છે.

વિશ્વના બીજા છેડે પણ ચિત્ર ચિંતાજનક છે. યુરોપમાં ગયા વર્ષે સતત હીટવેવના કારણે 23 હજારથી વધુ લોકોનાં મૃત્યુ થયાં હોવાનું યુરોપિયન અભ્યાસો દર્શાવે છે. છેલ્લા બે દાયકામાં ગરમીના કારણે લાખો લોકોના જીવન પર ગંભીર અસર પડી છે. વૈજ્ઞાનિકો કહે છે કે જો ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન નિયંત્રિત નહીં થાય, તો 2035 સુધી વિશ્વનું સરેરાશ તાપમાન 2 ડિગ્રીની નજીક પહોંચી શકે છે.

આ તમામ આંકડાઓ વાંચતાં એક પ્રશ્ન સતત થાય છે કે આ આફતોનો સૌથી મોટો ભાર કોણ ઉપાડે છે? ગરમી સૌને લાગે, પરંતુ સૌ પાસે ગરમી સામે લડવાના સાધનો સરખા નથી. શહેરમાં કોઈ વ્યક્તિના ઘરમાં ત્રણ-ત્રણ એર કન્ડિશનર હશે. બહાર 45 ડિગ્રી તાપમાન હોય તો પણ તે ઠંડા ઓરડામાં બેસીને કામ કરી શકે. વીજળીનું બિલ વધશે, કદાચ કારમાં બેસીને બહાર નીકળશે. વરસાદ આવે તો બંગલામાં પાણી ઘૂસશે, કાર ડૂબી જશે, પરંતુ ઈન્શ્યોરન્સ થકી થયેલા મોટા ભાગના નુકસાનની ભરપાઈ થઈ જશે અને થોડા દિવસમાં જીવન ફરી સામાન્ય બની જશે.

પણ બીજી બાજુ એક મજૂર પરિવાર ઝૂંપડામાં રહે છે. મીણિયું કે પતરાની છત આખો દિવસ સૂર્યની ગરમીથી તપે. ઘર બહાર પણ બફારો હોય. રાત્રે પણ મોડે સુધી ગરમીના લીધે પડખાં ફેરવવાં પડે. ત્યાં એર કન્ડિશનરની તો દૂરની વાત, ઘણી વખત પંખો પણ નથી હોતો. આપણાં ત્યાં ઝૂંપડાં વીજળીકરણ યોજના છે, પરંતુ બધાને તેની મદદ મળતી નથી. આમ વીજળી વગર પંખો કે બલ્બ પણ ક્યાંથી બળે? કાળઝાળ ગરમીથી બચવા ઘણા લોકો પોતાના ગોદડા કે ચાદરો ભીનાં કરીને તેના પર સૂવાની કોશિશ કરતા હોવાનું પણ આપણે જોઈએ છીએ.

ગરમીના કારણે વૃદ્ધોને શ્વાસ લેવામાં તકલીફ પડે. મહિલાઓ રસોઈ બનાવે ત્યારે ચૂલા અને છાપરાની છત વચ્ચે જાણે પોતે અગ્નિકુંડમાં ઊભી હોય તેવી સ્થિતિ સર્જાય. આવી ગરમી પછી એ જ ઝૂંપડાં પર અચાનક 250 મીમી વરસાદ વરસે ત્યારે આખો પરિવાર ચિંતામાં ગરકાવ થઈ જાય. છાપરું ટપકે, ઘણું હોય તો વરસાદનું પાણી ઝૂંપડામાં ઘૂસી જાય અને મર્યાદિત સામાન પણ પલળી જાય. ભીનાં ગોદડામાં બાળકોને સૂવડાવવાની મજબૂરી ઊભી થાય અને વરસાદ જો માઝા મૂકે તો આખું છાપરું તૂટી પડવાની ભીતિ ઊભી થાય. આવી સ્થિતિમાં મર્યાદિત અને હાથમાં લઈ શકાય એટલો સામાન લઈને ઊંચાણવાળા વિસ્તારમાં આશરો શોધવા મજબૂર થવું પડે.

અમે વર્ષોથી વિચરતા અને વંચિત પરિવારોની વસાહતોમાં કામ કરીએ છીએ. બારેમેઘ ખાંગા થાય એ વેળાની તેમની એક રાત કેવી હોય છે, તે ઘણી વખત આંખે જોયું છે. આખી રાત વરસાદ પડે અને પરિવારના તમામ સભ્યો પોતાના ઝૂંપડામાં પાણી ન આવે એ માટે પાળી બનાવવાનું, ક્યાંક પાળી હોય તો તેને ઊંચી કરવાનું, તો ક્યાંક ઝૂંપડામાં ભરાયેલું પાણી ઉલેચીને બહાર કાઢવાનું કામ કરતા રહે. આખી રાતના શ્રમ પછી પણ ક્યારેક ઝૂંપડામાં રહેલો મર્યાદિત સામાન ભીનો થતો અટકાવી શકાતો નથી. પૂર આવે ત્યારે પાક્કા ઘરમાં રહેતો માણસ ઉપરના માળે જઈ શકે, પરંતુ ઝૂંપડામાં રહેતા માણસ પાસે આવી કોઈ વ્યવસ્થા હોતી નથી.



**તેમની પાસે કાર નથી, એર કન્ડિશનર નથી, મોટા ઉદ્યોગ નથી છતાં ક્લાયમેટ ચેન્જનો સૌથી પહેલો અને સૌથી મોટો ફટકો આ લોકોને પડે છે એટલે ક્યારેક આ પ્રશ્ન ફક્ત પર્યાવરણનો નથી લાગતો, પરંતુ સામાજિક ન્યાયનો પણ લાગે છે**

આ ગરીબ પરિવારો કાર્બન ઉત્સર્જનમાં સૌથી ઓછો ફાળો આપે છે. તેમની પાસે કાર નથી, એર કન્ડિશનર નથી, મોટા ઉદ્યોગ નથી. છતાં ક્લાયમેટ ચેન્જનો સૌથી પહેલો અને સૌથી મોટો ફટકો આ લોકોને પડે છે. એટલે ક્યારેક આ પ્રશ્ન ફક્ત પર્યાવરણનો નથી લાગતો, પરંતુ સામાજિક ન્યાયનો પણ લાગે છે. આપણાં શહેરો સિમેન્ટ અને કોન્ક્રીટથી ભરાઈ રહ્યા છે. વૃક્ષો ઘટ્યાં અને તળાવો પુરાઈ ગયા. વરસાદનું પાણી જમીનમાં ઉતરે એવી વ્યવસ્થાઓ પ્રમાણમાં ઓછી થઈ છે. એક તરફ ભૂગર્ભજળ નીચે જઈ રહ્યું છે અને બીજી બાજુ થોડા કલાકના વરસાદમાં શહેરો પાણીમાં ગરકાવ થઈ જાય છે. મારા મતે વિકાસની વ્યાખ્યા ફરીથી લખાવવી જોઈએ. વિકાસ એટલે પાક્કા રસ્તાઓની સાથે વધુ વૃક્ષો, વધુ મોટી અને ઊંચી ઈમારતોની સાથે વરસાદનું પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા, અને માત્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ નહીં, પરંતુ ક્લાયમેટ રિઝિલિયન્ટ ગામો અને શહેરો.

અમે ઘણીવાર કહીએ છીએ કે કુદરત કોઈ ભેદભાવ રાખતી નથી. વરસાદ પડે ત્યારે તે અમીર અને ગરીબ જોઈને વરસતો નથી. ગરમી પણ કોઈનો દરજ્જો જોઈને પડતી નથી. પરંતુ આફત સામે ટકી રહેવાની ક્ષમતા સૌની સમાન નથી. કોઈ પાસે મજબૂત દીવાલો છે, તો કોઈ પાસે ફક્ત પ્લાસ્ટિકની છત. કોઈ પાસે એર કન્ડિશનર છે, તો કોઈ પાસે છાંયો પણ નથી.

ક્લાયમેટ ચેન્જના કારણે આફત કદાચ સૌના દરવાજે આવે, પરંતુ તે લાંબો સમય ગરીબના ઘરમાં રોકાય છે. આવામાં ગરીબ માણસ સુરક્ષિત રહે એ દિશામાં વિચાર થાય, એ અત્યંત અગત્યનું છે.

# આપણું ચાલે તો આકાશનાય ભાગ પાડી નાખીએ



ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

બરાતુ કચ્છી શબ્દ છે. તેનો સામાન્ય અર્થ 'બહારનો' એવો થઈ શકે. કચ્છમાં આ શબ્દ વર્તમાનપત્રોમાં વારંવાર વપરાતો જોઉં છું. જોકે વર્તમાનપત્રો પોતાની જગ્યાએ સાચાં હશે, પણ મારે તો આ શબ્દની પાછળ છુપાયેલી આપણી માનસિકતા અને આ શબ્દ દ્વારા ઊભી થતી વાડાબંધીની વાત કરવી છે. આ શબ્દનો સીધો અર્થ એ થાય કે કોઈ આપણામાંનો નથી. 'બરાતુ' શબ્દ દ્વારા માણસ કોઈ એકનો પક્ષકાર છે એવું સાબિત કરે છે. આપણે પોતાના અંગત લોકો અને આસપાસની પરિસ્થિતિને ચાહીએ છીએ અને તેના પક્ષકાર પણ બની જઈએ છીએ. એ અટક હોય, જ્ઞાતિ હોય, સંપ્રદાય હોય, ધર્મ હોય, પ્રદેશ હોય કે દેશ હોય. એમાંથી ખોરાક પણ બાકાત નથી. આપણી સ્વીકારની ભાવના ક્યારેય વૈશ્વિક સ્તરે વિસ્તરી નથી. આપણે 'વસુધૈવ કુટુંબકમ્'ની વાતો કરીએ છીએ, પરંતુ જેમના માટે 'બરાતુ' શબ્દ વપરાય છે તે માણસો અને પરિસ્થિતિઓને નિખાલસતાથી અપનાવીએ છીએ ખરા? આ પ્રશ્ન બહુ જ બારીક છે. આજે વૈશ્વિકીકરણનો સમય છે. આખા દેશમાં જબરદસ્ત સ્થળાંતર ચાલી રહ્યું છે. આવા સમયમાં ફરજિયાતપણે આપણે અમુક પરિસ્થિતિઓને સ્વીકારવી પડે એવું છે. પરંતુ સામાન્ય સ્થિતિમાં હકીકત કંઈક જુદી છે.

**આ આપણી જ્ઞાતિનો છે, આપણા ધર્મનો છે, આપણા જિલ્લાનો છે એવું ગર્વથી કહીએ છીએ, પણ આ આપણા જેવો જ એક માણસ છે એમ કહેવામાં આપણને બીક લાગે છે**

કોઈ એક વર્ગ, સમૂહ કે જ્ઞાતિનો માણસ બીજી જ્ઞાતિમાં સરળતાથી પ્રવેશ કરી શકતો નથી, કારણ કે તે 'બરાતુ' છે. કારણ કે તેના પર જુદા પ્રકારનું લેબલ લાગેલું છે. તેના પ્રવેશ માટેના રસ્તા બંધ હોય છે. અહીં તેના સારા કે ખરાબ હોવાનો પ્રશ્ન નથી. પ્રશ્ન માત્ર એટલો છે કે તે 'બરાતુ' છે. તેને પોતાના સમૂહથી બહારની વ્યક્તિ ગણી લેવામાં આવે છે, જેના વિશે આપણે કદી વિચારતા જ નથી. આ આપણી જ્ઞાતિનો છે, આપણા ધર્મનો છે, આપણા જિલ્લાનો છે એવું ગર્વથી કહીએ છીએ, પણ આ આપણા જેવો જ એક માણસ છે એમ કહેવામાં આપણને બીક લાગે છે. એકબીજાથી કેટલું બધું અંતર રાખીને ચાલીએ છીએ તેનો ક્યારેય વિચાર કરતા નથી. વાસ્તવમાં આપણા બધાની અંદર એવો માણસ રહેલો હોય છે, જે સતત 'બરાતુ' શબ્દ વિશે વિચાર કર્યા કરે છે. ઘણાં વર્ષો પહેલાની એક વાત યાદ આવે છે. સાંતાક્રુઝથી એસ્સેલવર્લ્ડ જવા ટ્રાવેલ્સની રાહ જોતો હતો. ત્યાં બે ટેક્સીવાળા ચા પીતા-પીતા ગુજરાતીઓને મન ભરીને ચોપડતા હતા. તેમની વાતોનો એક સૂર એવો હતો કે મુંબઈ મહારાષ્ટ્રીયનોનું છે અને ગુજરાતીઓ ઘણી સંખ્યામાં આવી બેઠા છે. ગુજરાતીઓએ ધંધો કરવા માટે મૂળ મહારાષ્ટ્રના લોકો માટે જગ્યા જ છોડી નથી. થોડા સમય પહેલાં વલસાડ પાસે આવેલા તિથલ ગામે પાંચેક દિવસ રોકાવાનું થયું. ત્યાંના સ્થાનિક રહેવાસીઓ બીજા જિલ્લાના લોકોને ભાંડતા હતા. તેમનું કહેવું હતું કે બહારના લોકોએ આવીને બધી જમીનો ખરીદી લીધી છે. અમે સ્થાનિક લોકો ભૂખે મરીએ છીએ, જ્યારે બહારના લોકો જલસા કરે છે. પ્રશ્ન એ થાય છે કે જ્યારે બહારથી આવેલો માણસ પોતાની મહેનત, આવડત અને બુદ્ધિથી કંઈક મેળવે છે ત્યારે તેની સામે આટલો ઉહાપોહ શા માટે? ઘડીક વિચારીએ. સવારના બ્રશ કરતી વખતે આપણે વિચાર્યું કે આ બ્રશ અને ટૂથપેસ્ટ બનાવનાર કારીગર ક્યાંનો હશે? તેને પેકિંગ કરનાર અને તેને દૂરથી આપણા સુધી લઈ આવનાર ટ્રક ડ્રાઈવર કઈ જ્ઞાતિનો અને કયા પ્રદેશનો હશે? જે કપ-રકાબીમાં ચા પીએ છીએ, તે કપ-રકાબી કે તેમાં ભરેલી ચા કયા પ્રદેશના, કયા સમાજના માણસ થકી આપણા સુધી પહોંચી? આપણા બાથરૂમમાં પડેલો સાબુ, ટુવાલ, નળ અને બાલદી શું આપણી જ જ્ઞાતિ કે ધર્મના માણસોએ બનાવ્યાં છે? અરે! કાગળ, પેન, ઈંટ, ઘર, સડક, બિલ્ડિંગ, દવા, અનાજ... કેટકેટલી વસ્તુઓ આ યાદીમાં આવી શકે છે. જે લોકો માત્ર પોતાની જ્ઞાતિ, ધર્મ કે પ્રદેશના જ હિમાયતી હોય, તેમણે ફક્ત આટલું વિચારવું જોઈએ કે તેમણે જે કપડાં પહેર્યાં છે તે કોણે બનાવ્યાં? તેમને શિક્ષણ આપનાર કોણ હતો? તેમને દવા આપનાર તબીબ કોણ હતો? તેમના રક્ષણની વ્યવસ્થા કરનાર સિપાઈ કે સૈનિક કોણ છે? વાહન બનાવનાર કોણ છે? ઘરમાં જે સુવિધાઓનું નિર્માણ થયું છે, તે કરનાર કોણ છે? વૈશ્વિકીકરણના આ યુગમાં પણ આપણે આપણી જ્ઞાતિ, આપણો સમાજ, આપણો ધર્મ અને આપણો પ્રાંત એટલા પૂરતું જ વિચારશું કે પછી વૈશ્વિક વિચાર પણ કરીશું? જો આપણું ચાલે તો આપણે આકાશના પણ ભાગ પાડી નાખીએ. પરંતુ સારું છે કે એટલું તો બચી ગયું છે.